Date: 01.09.2026

**To,**
**BSE Limited**
**Listing Department**
**Phiroze Jeejeebhoy Towers,**
**25th Floor, Dalal Street,**
**Mumbai - 400 001**
**Scrip Code: 544666**

**To,**
**National Stock Exchange of India Limited**
**Listing Department "Exchange Plaza,"**
**C-1, Block G, Bandra – Kurla Complex,**
**Bandra (E), Mumbai - 400 051**
**Scrip Code: GKSL**

**Dear Sir/Madam**

Sub: Intimation of Pre- Advertisement- Notice of the 7th (Seventh) Annual General Meeting (AGM) of the Gujarat Kidney And Superspeciality Limited ("The Company") and Information to the Members regarding voting

Listing Regulation: Regulations 30 and 47 and all other applicable regulations, if any, of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations"), as amended from time to time.

Pursuant to Regulation 30 and 47 of the Listing Regulations, we hereby enclose the copies of the newspaper publication, in compliance with the General Circular No. 03/2025 dated September 22, 2025 read with the other circulars issued earlier in this regard by the Ministry of Corporate Affairs (MCA), regarding 7th Annual General Meeting of the Company to be held on Monday, 28th September, 2026 at 9:30 IST in physical mode. The same was published in the following newspapers:

1. Financial Express Ahmedabad Edition (English) newspaper dated 01.09.2026

2. Gujarat Mitra Edition (Gujarati) newspaper dated 01.09.2026

The above information shall also be made available on the Company's website at www.gujaratsuperspecialityhospital.com. We hereby request you to take the above information on your record.

Kindly take the same on your records.

Thanking you,

**For Gujarat Kidney and Super Speciality Limited**

VISHAKHA MAHESH PHADKE
Digitally signed by VISHAKHA MAHESH PHADKE
Date: 2026.09.01 13:03:46 +05'30'

**Vishakha Phadke**
**Company Secretary and Compliance Officer**
**M. No. A37675**

### વડોદરા મહાનગરપાલિકાની લાલ આંખ, ફૂડ સેફ્ટી વિભાગનું મેગા ચેકિંગ અભિયાન

# વડોદરામાં ખાદ્ય સુરક્ષા પર તવાઈ, ૩૧ એકમો પર દરોડા, ૧૬ નમૂના લેવાયા

ફૂડ એન્ડ સેફ્ટી વિભાગે દરોડા દરમિયાન ૯૮,૦૦૦ નો દંડ અને ૨ યુનિટ સીલ કર્યા

(પ્રતિનિધી) વડોદરા, તા.31

મ્યુનિસિપલ કમિશનરના આદેશ તથા ડેઝિગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખાના સીનિયર ફૂડ સેફ્ટી ઓફિસરો અને ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા શહેરમાં મોટાપાયે આકસ્મિક ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ વિશેષ ઝુંબેશ અંતર્ગત દિવાળીપુરા કોર્ટ સામે, પરિવાર ચાર રસ્તા, સવિતા હોસ્પિટલ પાસે, યશ કોમ્પ્લેક્ષથી નારાયણ ગાર્ડન રોડ, તુલસીધામ ચાર રસ્તા-માંજલપુર, ગોલ્ડન ચોકડી-દરજીપુરા હાલોલ રોડ, ભાયલી અને ફતેગંજ સહિતના વિસ્તારોમાં ખાણીપીણીના કુલ ૩૧ યુનિટો પર સઘન તપાસ કરવામાં આવી હતી. આ ચકાસણી દરમિયાન સ્વીટ ચીલી સોસ, વિનેગર, રેડ સોસ, સોયા સોસ, ચીલી સોસ તેમજ પ્રિપેર્ડ ફૂડ જેવા કે વોલનટ ચોકલેટ બ્રાઉની, હક્કા નુડલ્સ, પેની રેડ સોસ પાસ્તા, વેજ ફ્રાઈડ રાઈઝ, પનીર ચીલી ડ્રાય, પનીર અંગારા, પનીર-૬૫, પનીર લવાબદાર, વેજ બિરિયાની, મંચુરિયન ગ્રેવી અને ભાજી મળીને કુલ ૧૬ ખાદ્યપદાર્થોના શંકાસ્પદ નમૂના મેળવી પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં પૃથ્થકરણ અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

**ફૂડ સેફ્ટી અને ચેકિંગ અંતર્ગત આવરી લેવાયેલ યુનિટો**

૧. બાલાજી રેસ્ટોરન્ટ - દિવાળીપુરા કોર્ટ સામે
૨. મહાકાળી સેવઉસળ - દિવાળીપુરા કોર્ટ સામે
૩. ગોપાલ લોચો - દિવાળીપુરા કોર્ટ સામે (ફૂડ વેન્ડીંગ એસ્ટાબ્લીસમેન્ટ)
૪. ચેતનભાઈ સુરેશભાઈ - દિવાળીપુરા વિસ્તાર (રીટેલર)
૫. જય મહાકાળી સેવઉસળ - દિવાળીપુરા વિસ્તાર
૬. રજવાડી ચા - દિવાળીપુરા વિસ્તાર (રીટેલર)
૭. મારવાડી ફુડ કોર્નર - પરીવાર ચાર રસ્તા તથા સવિતા હોસ્પિટલ પાસે
૮. સુરતી ફેન્સી ઢોસા - પરીવાર ચાર રસ્તા તથા સવિતા હોસ્પિટલ પાસે
૯. એમ.કે. ચારકોલહબ - પરીવાર ચાર રસ્તા તથા સવિતા હોસ્પિટલ પાસે
૧૦. રજવાડી ટી - યશ કોમ્પલેક્ષથી નારાયણ ગાર્ડનવાળા રોડ પર (રીટેલર)
૧૧. સ્વીંસ્ટા ઇ.એન.ટી.પ્રા.લી. (ઇંસ્ટામાર્ટ) - તાંદલજા વિસ્તાર (હોલસેલર)
૧૨. શર્માજી કી ચાય - ભાયલી વિસ્તાર (ફૂડ વેન્ડીંગ એસ્ટાબ્લીસમેન્ટ)
૧૩. દેવ નારાયણ ઢાબા - ગોલ્ડન ચોકડી-દરજીપુરા, હાલોલ રોડ
૧૪. ક્રિષ્ણા કાઠીયાવાડી - ગોલ્ડન ચોકડી-દરજીપુરા, હાલોલ રોડ
૧૫. પંજાબી ઢાબા - ગોલ્ડન ચોકડી-દરજીપુરા, હાલોલ રોડ (રેસ્ટોરન્ટ)

## આવતા મહિને વિધાર્થીઓ માટે નેશનલ ટેલેન્ટ હન્ટ એક્ઝામ યોજાશે

વડોદરા : આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ (એઈએસએલ) દ્વારા આકાશ નેશનલ ટેલેન્ટ હન્ટ એક્ઝામ (એન્થે) 2026 લોન્ચ કરવામાં આવી છે. છેલ્લા 16 વર્ષમાં એક કરોડથી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવેલી એન્થે વિદ્યાર્થીઓની ક્ષમતા, શૈક્ષણિક પ્રદર્શન અને સ્પર્ધાત્મક તૈયારીનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરતું પ્લેટફોર્મ બની છે. પરીક્ષાના દરેક પ્રશ્નને ચોક્કસ ખ્યાલ અને ક્ષમતાના મૂલ્યાંકન માટે તૈયાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને પરીક્ષા બાદ વિષયવાર શક્તિ, સુધારાની જરૂરિયાત અને સ્પર્ધાત્મક તૈયારી અંગે વિગતવાર એન્થે ઈન્ટેલિજન્સ રિપોર્ટ મળશે. આ રિપોર્ટમાં સ્પર્ધાત્મક પરીક્ષા સફળતા સંભાવના (CESP), ટેસ્ટ-ટેકિંગ પર્સનાલિટી (TTP) અને એટેમ્પ્ટ ઈન્ટેલિજન્સ ક્વોશિયન્ટ (AIQ) જેવા માપદંડોનો સમાવેશ થાય છે. એન્થે 2026માં પાત્ર વિદ્યાર્થીઓને 100 ટકા સુધીની શિષ્યવૃત્તિ તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાઓને કુલ રૂ.2.5 કરોડના રોકડ ઈનામની તક મળશે.

### ઠાકોરજીના વાઘા, હિંડોડા અને શણગારની ખરીદી માટે ભક્તોની ભીડ

# વડોદરામાં જન્માષ્ટમી પર્વને લઈ બજારોમાં જામ્યો રંગ

સંસ્કારીનગરીમાં ભક્તિનો ઉમંગ, બાલગોપાલના સ્વાગતની તૈયારીઓ પૂરજોશમાં



(પ્રતિનિધી) વડોદરા, તા.31

સંસ્કારીનગરી વડોદરામાં આગામી જન્માષ્ટમીના પર્વને લઈને ઠેર-ઠેર ભક્તિમય માહોલ જામ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવને વધાવવા માટે વડોદરાવાસીઓમાં ભારેથનગનાટ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તહેવાર નજીક આવતા જ શહેરના મુખ્ય વેપારી કેન્દ્રો જેવા કે માંડવી, એમજી રોડ અને રાવપુરા વિસ્તારના બજારોમાં અદભુત રોનક છવાઈ ગઈ છે. વહેલી સવારથી જ બજારોમાં ખરીદી માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી રહી છે, જેને જોઈને એમ લાગે કે સમગ્ર વડોદરા કાનુડાના રંગે રંગાઈ ગયું છે.

આ વર્ષે જન્માષ્ટમીને લઈને બજારોમાં બાળગોપાલ માટે એકથી એક ચઢિયાતી સામગ્રીઓ ઉપલબ્ધ છે. દુકાનો ઠાકોરજીના વાઘા, મુગટ, આભૂષણો, હિંડોડા અને સણગારની વિવિધ ચીજવસ્તુઓથી સજી ઉઠી છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, આ વખતે ઠાકોરજી માટે ખાસ વેલવેટ, રેશમી, જરદોશી, કલકત્તી તેમજ હેન્ડવર્ક વાળા વાઘાની ભારે માંગ જોવા મળી રહી છે,. આ ઉપરાંત કાનુડાના શણગાર માટે મોતી અને કુંદન જડિત મુગટ, આભૂષણો, નાની વાંસળી, કુંડળ અને કમરબંધ ખરીદવા લોકો વિશેષ રસ દાખવી રહ્યા છે.

### હાલોલના ચાર અનડિટેક્ટ ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો

# દાહોદ LCBએ ત્રણ આરોપીઓને ઝડપી રૂ.૧.૧૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધી) 456, તા.20

પંચમહાલ જિલ્લાના હાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરી અને ચોરીની કોશિશના કુલ ચાર અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલવામાં દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. એલસીબીની ટીમે ત્રણ આરોપીઓને ઝડપી પાડી ચાંદીના દાગીના, ગુનામાં ઉપયોગમાં લેવાયેલ અપાચી મોટરસાયકલ અને ચોરીના સાધનો મળી કુલ રૂ.1,16,570નો મુદ્દામાલ કબજે કર્યો છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરીના માર્ગદર્શન અને પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાની સૂચના હેઠળ




જિલ્લામાં મિલકત સંબંધિત ગુનાઓ શોધવા માટે એલસીબી ટીમ સક્રિય હતી. એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એમ. ઢોલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એમ. માળી અને એન.બી. પરમાર સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલ બાતમીના આધારે દાહોદ અનાજ માર્કેટથી ઈન્દોર હાઈવેને જોડતા રસ્તે રામાનંદ પાર્ક નજીક ભારત પેટ્રોલિયમ પંપ પાસેથી ત્રણ શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ હાલોલ વિસ્તારમાં અલગ-અલગ જગ્યાએ ઘરફોડ ચોરી અને ચોરીની કોશિશ કર્યાની કબૂલાત કરી હતી. પકડાયેલા આરોપીઓમાં કલ્પેશભાઈ ઉર્ફે અલ્પેશ જાસેપરમાર, શૈલેશભાઈ ડામોર અને અરવિંદભાઈ ડામોરનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી કુલ 145 ગ્રામ ચાંદીના વિવિધ દાગીના કિંમત રૂ.16,570, અપાચી મોટરસાયકલ કિંમત રૂ.1 લાખ તથા ચોરીનું સાધન ખાતરીયું કબજે કર્યું છે.

## બરોડા નાયર વેલફેર એસોસિએશન' દ્વારા ઓણમ ઉત્સવની ભવ્ય ઉજવણી



વડોદરા : સંસ્કારી નગરી વડોદરામાં વસતા કેરળવાસીઓ અને નાયર સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઓણમ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. 'બરોડા નાયર વેલફેર એસોસિએશન'ના ઉપક્રમે આયોજિત આ ઉત્સવમાં સમગ્ર શહેરના કેરળવાસીઓ ઉત્સાહભેર જોડાયા છે.આ ઉજવણી અંગે માહિતી આપતા એસોસિએશનના ઓણમ એ અમારા માટે માત્ર એક તહેવાર નથી પરંતુ મિલન અને આપસી ભાઈચારાનું એક મોટું માધ્યમ છે.

### શહેરમાં મિશ્ર ઋતુના માહોલ વચ્ચે લોકો પરેશાન

# વાદળછાયા વાતાવરણ વચ્ચે બફારાનો અનુભવ કરતા શહેરીજનો

(પ્રતિનિધી) વડોદરા, તા.31

વડોદરા શહેરમાં હાલ મિશ્ર ઋતુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા લોકલ વેધર રિપોર્ટ અનુસાર શહેરમાં વરસાદ નોંધાયો નથી, પરંતુ આગામી સાત દિવસ સુધી સામાન્ય રીતે વાદળછાયું આકાશ અને હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સોમવારે વડોદરાનું મહત્તમ તાપમાન 34.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતા 2.1 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 27.2 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા 2.0 ડિગ્રી વધુ છે. સવારે 8.30 વાગ્યે હવામાં ભેજનું પ્રમાણ 74% અને સાંજે 5.30 વાગ્યે 55% રહ્યું હતું. હવામાન વિભાગે આગામી 7 દિવસ માટે કોઈ ચેતવણી જાહેર કરી નથી, પરંતુ વરસાદી માહોલ રહેશે તેવું જણાવ્યું છે. 31 ઓગસ્ટથી 3 સપ્ટેમ્બર સામાન્ય રીતે વાદળછાયું આકાશ અને હળવા વરસાદની શક્યતા. તાપમાન 26 થી 34 ડિગ્રીની આસપાસ રહેશે. તા.4 અને 5 સપ્ટેમ્બર ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. આ દરમિયાન તાપમાનમાં થોડો વધારો થઈ મહત્તમ 35 ડિગ્રી સુધી પહોંચી શકે છે. 6 સપ્ટેમ્બર ફરી હળવા વરસાદ સાથે વાદળછાયું વાતાવરણ રહેશે, મહત્તમ તાપમાન 36 ડિગ્રી સુધી જવાની શક્યતા.

### હિંડોળા ઉત્સવનું ભાવભર્યું સમાપન

# શ્રી નરસિંહજી મંદિર, છાણી ખાતે ભક્તિ અને શ્રદ્ધાનો સંગમ ઉભર્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.31

શ્રી નરસિંહજી મંદિર, છાણી ખાતે તા.31 જુલાઈથી તા.31 ઓગસ્ટ, 2026 દરમિયાન ભવ્ય હિંડોળા ઉત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

અષાઢી બીજથી શ્રાવણ વદ ત્રીજ સુધી યોજાયેલા આ પાવન ઉત્સવમાં ભગવાન શ્રી નરહરીલાલજી ગર્ભગૃહમાંથી બહાર પધારી રાત્રે 8.30થી 9.30 કલાક દરમિયાન વિવિધ પ્રકારનાં ફળ-ફૂલ, લીલો મેવો, સૂકો મેવો, મીઠાઈ, વેફર્સ, સ્ટેશનરી, શાકભાજી તથા કલાત્મક સામગ્રીઓથી સુશોભિત ભવ્ય હિંડોળામાં બિરાજમાન થઈ ભાવિકોને દિવ્ય દર્શન આપતા હતા. આ પ્રસંગે છાણી નગરના ભાવિક ભક્તો, મનોરથીઓ, શ્રી રામકૃષ્ણ ભજન મંડળ-પ્રજાપતિ સમાજ, છાણી તથા યોગી સૌરભ પ્રદેશ-છાણીના નવયુવાનો દ્વારા ભગવાનની સમીપ બેસી ભજન-કીર્તન અને નૃત્ય સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવાયું હતું. ભક્તોની અનન્ય શ્રદ્ધા અને ઉત્સાહ વચ્ચે હિંડોળા ઉત્સવનું ભાવભર્યું સમાપન થયું હતું. ઉત્સવને સફળ બનાવવા મંદિર પરિવારના ભક્તોએ રાત-દિવસ અથાગ પરિશ્રમ કરી વિવિધ કલાત્મક હિંડોળા સજાવવાની સેવા આપી હતી. તેમની સેવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી.

### કપાસ, ડાંગર, દિવેલા અને સોયાબીનનો ઊભો પાક સુકાવાની ભીતિ

# વડોદરા જિલ્લામાં વરસાદ ખેંચાતાં પાક નિષ્ફળ જવાની ભીતિ, ધરતીપુત્રો ચિંતામાં

ખેડૂતો આગામી સપ્તાહે ૧૨ કલાક વીજ પુરવઠાની માંગ બુલંદ કરી શકે છે

(પ્રતિનિધી) વડોદરા, તા.31

વડોદરા શહેર અને સમગ્ર જિલ્લામાં લાંબા સમયથી વરસાદે ખેંચાણ કરતાં ધરતીપુત્રોના જીવ તાળવે ચોંટ્યા છે. ચાલુ સપ્તાહ દરમિયાન પણ મેઘરાજાએ વિરામ લેતાં વાવેતર કરેલા પાકને બચાવવા માટે ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જો આગામી એક સપ્તાહમાં ધોધમાર વરસાદ નહીં વરસે તો ખેડૂતોના ઊભા પાકને વ્યાપક નુકસાન થવાની તથા પાક તદ્દન નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. વડોદરા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ખેડૂતો દ્વારા કપાસ, ડાંગર, દિવેલા અને



સોયાબીન જેવા મહત્વના રોકડિયા અને ખરીફ પાકોનું મોટા પાયે વાવેતર કરવામાં આવ્યું છે. શરૂઆતમાં સારો વરસાદ થવાથી પાક બરાબર ઉગી નીકળ્યો હતો, પરંતુ ત્યારબાદ વરસાદી ખેંચ ઊભી થતાં પાણીના અભાવે ઊભો પાક સુકાઈને બળીને ખાખ થઈ જવાની નોબત આવી પહોંચી છે. સંચાઈ માટે પાણીની તંગી ઊભી થતાં ખેડૂતો હવે બોરવેલ અને કૂવા આધારિત પિયત પર નિર્ભર બન્યા છે. હાલમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ખેતીવાડી માટે દૈનિક 8 કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે.

પરંતુ પાકને બચાવવા માટે આટલો વીજ પુરવઠો અપૂરતો સાબિત થઈ રહ્યો હોવાથી, જો આગામી એક અઠવાડિયામાં વરસાદ નહીં પડે તો ખેડૂતો દ્વારા વીજ પુરવઠો 8 કલાકથી વધારીને 12 કલાક કરવામાં આવે તેવી રજૂઆત અને માંગ કરવામાં આવી શકે છે. અંતમાં, કાળઝાળ ગરમી અને પાણીની અછત વચ્ચે ખેડૂતો હવે એકમાત્ર મેઘરાજા પર આશા રાખીને બેઠા છે. ધરતીપુત્રો પ્રાર્થના કરી રહ્યા છે કે આગામી દિવસોમાં મેઘરાજા મન મૂકીને વરસે અને તેમના સુકાતા પાકને અમૃત સમાન પાણી મળી રહે, જેથી મોટું આર્થિક સંકટ ટાળી શકાય.

### ભક્તિ સંગીત સાથે સાવન-ભાદોના મનોરથ

# વ્રજધામમાં શ્રીજીજીનો પ્રાગટ્યોત્સવ ઉજવાશે

**1 સપ્ટેમ્બરે** માંજલપુરના વ્રજધામ આધ્યાત્મિક સંકુલમાં વ્રજરાજકુમારના મંગલ સાનિધ્યમાં ભવ્ય ઉજવણી

(પ્રતિનિધી) વડોદરા, તા.31

શહેરના માંજલપુર ખાતે આવેલા વ્રજધામ આધ્યાત્મિક સંકુલમાં વિશ્વવંદનીયા, નિત્ય લીલાસ્થ ઈન્દિરાબેટીજી મહોદયાશ્રી (શ્રીજીજી)નો મંગલ પ્રાગટ્યોત્સવ આગામી 1 સપ્ટેમ્બર, 2026, મંગળવારના રોજ શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમાર મહોદયના મંગલ સાનિધ્યમાં ઉજવાશે. વિશ્વભરમાં દિવ્ય સેવા કાર્યો અને ભગવદ્ જ્ઞાનનો પ્રસાર કરી લાખો જીવોને શ્રીપ્રભુ ભક્તિ તરફ પ્રેરિત કરનાર શ્રીજીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવ અંતર્ગત સાંજે 5 વાગ્યે હાર્દિક પંડ્યા તથા ગાયક વૃંદ દ્વારા ભક્તિ સંગીત સંધ્યા યોજાશે. ત્યારબાદ રાત્રે 7 વાગ્યે શ્રી ઠાકોરજી સુખાર્થે 'સાવન-ભાદો' સુંદર મનોરથ યોજાશે. કાર્યક્રમ બાદ તમામ ભાવિકજનો માટે ભોજન પ્રસાદીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.ના માર્ગદર્શન હેઠળ વ્રજધામ યુવા પરિવાર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી અનેક મહાનુભાવો, શ્રેષ્ઠીજનો, રાજકીય આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહેવાની અપેક્ષા છે.

### હિમાંશુ પટેલ સર્વાનુમતે પ્રમુખ બન્યા

# વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં નવી ટીમની રચના કરાઈ

નીપમ દેસાઈ, જલેન્દુ પાઠક, અમિત શાહ, રાજેશ પંચાલ અને આલોક શાહની પણ બિનહરીફ વરણી




(પ્રતિનિધી) વડોદરા, તા.31

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (VCCI)ના વર્ષ 2026-28 માટેના નવા હોદ્દેદારોની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ચેમ્બરમાં વર્ષોથી ચાલી આવતી પ્રણાલી મુજબ નવા હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી છે. વર્ષ 2026-27 તથા 2027-28 માટે શ્રી હિમાંશુ પટેલને પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. જ્યારે શ્રી નીપમ દેસાઈ વરિષ્ઠ ઉપ પ્રમુખ, શ્રી જલેન્દુ પાઠક ઉપ પ્રમુખ, શ્રી અમિત શાહ માનદ્ મંત્રી, શ્રી રાજેશ પંચાલ સહ માનદ્ મંત્રી અને શ્રી આલોક શાહ ખજાનચી તરીકે વરાયા છે. નવી ટીમ મધ્ય ગુજરાતના વેપાર-ઉદ્યોગ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા તેમજ ખાસ કરીને MSME સેક્ટરને ટેકો આપી ઉદ્યોગોને પગભર બનાવવાની દિશામાં કામ કરશે. ભારતના GDP ગ્રોથમાં MSME ક્ષેત્રના મહત્વપૂર્ણ યોગદાનને ધ્યાનમાં રાખીને તેની વૃદ્ધિ માટે પારદર્શક અને પ્રમાણિક પ્રયાસો કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. નવી ટીમ મધ્ય ગુજરાતના વેપાર અને ઉદ્યોગોને નવા મુકામ સર કરવામાં મદદરૂપ બનવા માટે સક્રિય કામગીરી કરશે. ચેમ્બરના ઉપ પ્રમુખ અને પ્રેસ કમિટીના ચેરમેન જલેન્દુ પાઠકે આ માહિતી આપતાં નવી ટીમને આગામી કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### સ્વ. રતુભાઈ બરફીવાલાના પ્રદાનને યાદ કરાયા

# VMCની વડી કચેરી ખાતે ૩૧ ઓગસ્ટે રાષ્ટ્રધ્વજ વંદન સાથે સ્થાનિક સ્વરાજ્ય દિન ઉજવાયો



ચૂંટાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓની ટીમે સાથે મળી પ્રજાના પ્રશ્નોના કાયમી ઉકેલ લાવવા કટિબદ્ધતા દર્શાવી

(પ્રતિનિધી) દાહોદ, તા.31

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ભૂમિકાને વધુ મજબૂત બનાવવા અને નાગરિક સેવાઓ પ્રત્યે કટિબદ્ધતા દર્શાવવાના ઉદ્દેશથી વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે ૩૧ ઓગસ્ટના રોજ અખિલ હિન્દ સ્થાનિક સ્વરાજ્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પાલિકા ખાતે રાષ્ટ્રધ્વજ વંદન સહિતના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પાલિકાના પદાધિકારીઓ, કાઉન્સિલરો અને વહીવટી અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહા નગર પાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા સ્થાનિક વહીવટમાં પારદર્શિતા લાવવા, ઝડપી કામગીરી કરવા અને નાગરિકોના પ્રશ્નોના કાયમી ઉકેલ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સાથે જ શહેરના નાગરિકોને સુચ Charu રીતે પ્રાથમિક સુવિધાઓ જેવી કે ગુણવત્તાયુક્ત રસ્તા, શુદ્ધ પીવાનું પાણી અને સ્વચ્છતા મળી રહે તે માટે વિશેષ સંકલ્પ લેવામાં આવ્યો હતો. સ્થાનિક સ્વરાજ્યના નિર્માણ અને શહેરી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહાનુભાવોને આ પ્રસંગે યાદ કરવામાં આવ્યા હતા અને પાલિકાના કર્મચારીઓને વધુ જવાબદારી અને લોકસેવાની ભાવના સાથે કામ કરવા પ્રોત્સાહિત કરાયા હતા.

## ગોગાજી મહારાજના જયઘોષથી નાગરવાડા ગુંજી ઉઠ્યું



વડોદરા : નાગરવાડા ગોગાજી પંચ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આ ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર વાલ્મીકિ સમાજ મોટી સંખ્યામાં એકત્ર થયો હતો અને ઉત્સાહભેર ભાગ લીધો હતો. સવારથી જ મંદિર પરિસરમાં દર્શનાર્થે શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. છડી મહોત્સવ દરમિયાન ભજન-કીર્તન અને ગોગાજી મહારાજની છડીનું પૂજન કરવામાં આવ્યું હતું. ભક્તો નાચતા-ગાતા આ યાત્રામાં જોડાયા હતા. સમગ્ર નાગરવાડા વિસ્તારમાં ભક્તિનો અનેરો માહોલ સર્જાયો હતો. આ અંગે નાગરવાડા ગોગાજી પંચના દિવ્યકાન્ત સોલંકીએ જણાવ્યું હતું કે, અમારા પંચ દ્વારા દર વર્ષે આસ્થાભેર છડી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ હજારો શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. સમાજના તમામ લોકો એક થઈને આ ઉત્સવને ઉજવે છે. દર્શને આવેલા તમામ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### લાહતીમાં ભારતીય પેરા ટેબલ ટેનિસ ટીમનો ઐતિહાસિક દેખાવ

# વડોદરાની ટીમે ૧૬ મેડલની શાનદાર સિદ્ધિ હાંસલ કરી



(પ્રતિનિધી) વડોદરા, તા.31

ફિનલેન્ડના લાહતી ખાતે તા. 28થી 30 ઓગસ્ટ દરમિયાન યોજાયેલી ITTF World Para Future Lahti 2026 સ્પર્ધામાં ભારતીય પેરા ટેબલ ટેનિસ ટીમે શાનદાર પ્રદર્શન કરી કુલ 16 મેડલ જીતી દેશનું ગૌરવ વધાર્યું છે. ભારતે 6 ગોલ્ડ, 4 સિલ્વર અને 6 બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. વિશ્વના 30 દેશોના ખેલાડીઓની હાજરી વચ્ચે ભારતીય ખેલાડીઓનું આ પ્રદર્શન નોંધપાત્ર રહ્યું હતું. ડબલ્સ અને મિક્સ્ડ ડબલ્સમાં ભારતે કુલ છ મેડલ મેળવ્યા હતા. રમેશ અને સુમિતે મેન્સ ડબલ્સમાં તથા સુમિત અને દીપિકાએ મિક્સ્ડ ડબલ્સમાં ગોલ્ડ જીત્યો હતો. સોનલ અને રમેશે સિલ્વર જ્યારે શુભમ-જે. ડી. મદન, પ્રાચી-સવિતા અને શિવમ પાલ-નૂરે બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. ભારતીય દળમાં ખેલાડીઓ, કોચ, ફિઝિયોથેરાપિસ્ટ, સહયોગીઓ અને ટીમ અધિકારીઓ સહિત 28 સભ્યો હતા. જયેશ મોહન આચાર્ય અને કલ્પેશ ઈન્દ્રવદન ઠક્કર કોચ તથા ઓમ પ્રકાશ સોની ટીમ લીડર તરીકે જોડાયા હતા. TTFIના જનરલ સેક્રેટરી કમલેશ મહેતાએ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. TTABના પ્રમુખ જયાબેન ઠક્કર અને વડોદરાના સાંસદ ડૉ. હેમંગ જોશીએ પણ ખેલાડીઓની સિદ્ધિને બિરદાવી હતી

## શ્રાવણના ત્રીજા સોમવારે ઠેકરનાથ મહાદેવ ખાતે લઘુરુદ્ર મહાયજ્ઞ



વડોદરા : પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે વડોદરા શહેરમાં શ્રદ્ધા અને ભક્તિનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે. વડોદરા નવનાથ મહાદેવ કાવડ યાત્રા સમિતિના ૧૩માં વર્ષના ઉપલક્ષમાં આજે શ્રાવણ માસના ત્રીજા સોમવારે કિશનવાડી અજબડી મિલ પાસે આવેલા ઐતિહાસિક ઠેકરનાથ મહાદેવ મંદિર ખાતે ભવ્ય ધાર્મિક અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ આયોજન અંગે માહિતી આપતા સમિતિના નીરજ ભાઈએ જણાવ્યું હતું કે, શ્રાવણ માસના દરેક સોમવારે નવનાથ મહાદેવ કાવડ યાત્રા સમિતિ દ્વારા અલગ-અલગ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં પ્રથમ સોમવારે સનાતન ધર્મની ધજા નવે-નવ નાથ મહાદેવ મંદિર ઉપર ચડાવવામાં આવી હતી, બીજા સોમવારે ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન થયું હતું અને ત્રીજા સોમવારે આજે ઠેકરનાથ મહાદેવ ખાતે ૧૨,૫૦૦ મહામૃત્યુંજય જાપ તેમજ હોમાત્મક લઘુરુદ્ર મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરાયું છે. આજના ત્રીજા સોમવાર નિમિત્તે ઠેકરનાથ મહાદેવ મંદિરે સવારે ૧૦:૦૦ વાગ્યાથી લઘુરુદ્ર યજ્ઞનો પ્રારંભ થયો હતો.

**ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ**

અગાઉ 'ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી પ્રાઇવેટ લિમિટેડ' / અગાઉ 'વિહાન મેડીકેર પ્રાઇવેટ લિમિટેડ' તરીકે ઓળખાતી

(CIN: L85300GJ2019PLC111559)

રજિસ્ટર્ડ ઓફિસ: પ્લોટ નં. ૧, સિટી સરવે નં. ૧૫૩૭/A, ગોકુલ મિલ કમ્પાઉન્ડ, જેતલપુર રોડ, અલ્કાપુરી, વડોદરા - ૩૯૦૦૨૦, ગુજરાત, ભારત. ફોન: ૨૬૫-૨૯૮૧૪ ૮૦૦ / +૯૧ ૯૬૮૭૦૭૯૯૯૧

ઇમેઇલ: info@gujaratsuperspecialityhospital.com / www.gujaratsuperspecialityhospital.com

**૭મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ અને સભ્યો માટેની માહિતી**

આદરણીય સભ્ય(ઓ),

આથી નોટિસ આપવામાં આવે છે કે, ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડના સભ્યોની ૭મી વાર્ષિક સામાન્ય સભા (AGM) સોમવાર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૯:૩૦ વાગ્યે કંપની એક્ટ, ૨૦૧૩ ("એક્ટ")ની લાગુ જોગવાઈઓ અને તે હેઠળના નિયમો તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("SEBI લિસ્ટિંગ રેગ્યુલેશન્સ") અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ("MCA સર્ક્યુલર્સ") દ્વારા બહાર પાડવામાં આવેલા લાગુ સર્ક્યુલરો સાથે વાંચતા, ફિઝિકલ મોડમાં યોજવા માટે નિર્ધારિત કરવામાં આવી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના વાર્ષિક અહેવાલ (એન્યુઅલ રિપોર્ટ) સાથે ૭મી એજીએમની નોટિસ શુક્રવાર, ઓગસ્ટ ૨૮, ૨૦૨૬ના રોજ કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ ("DPs")/ ડિપોઝિટરીઝ/ MUFG ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ("RTA") પાસે જે સભ્યોના ઇમેઇલ સરનામા નોંધાયેલા છે તે તમામ સભ્યોને ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવશે. આ જ નોટિસ કંપનીની વેબસાઇટ (www.gujaratsuperspecialityhospital.com), નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (www.evoting.nsdl.com) ની વેબસાઇટ અને BSE લિમિટેડ (www.bseindia.com) તથા નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ (www.nseindia.com)ની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ રહેશે.

SEBI લિસ્ટિંગ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૩૬(૧)(b)ની જોગવાઈઓનું પાલન કરીને વેબ-લિંક (ચોક્કસ પાથ સહિત) અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક અહેવાલને એક્સેસ કરવા માટેનો QR કોડ પ્રદાન કરતો પત્ર તેવા સભ્યોને મોકલવામાં આવશે જેમના ઇમેઇલ સરનામા કંપની/DPs/ ડિપોઝિટરીઝ/RTA પાસે નોંધાયેલા નથી.

ફિઝિકલ મોડમાં એજીએમમાં હાજરી આપવાની વિગતવાર સૂચનાઓ અને રિમોટ ઇલેક્ટ્રોનિક વોટિંગ ("ઈ-વોટિંગ") દ્વારા અથવા એજીએમમાં બેલટ પેપર દ્વારા મત આપવાની રીત, ફિઝિકલ મોડમાં શેર ધરાવતા અથવા જેમના ઇમેઇલ સરનામા કંપની/DPs/ડિપોઝિટરીઝ/RTA પાસે નોંધાયેલા નથી તેવા તમામ સભ્યો માટે ૭મી એજીએમ બોલાવતી નોટિસમાં પ્રદાન કરવામાં આવશે.

સભ્યો પાસે ૭મી એજીએમ બોલાવતી નોટિસમાં નિર્ધારિત ઠરાવ(ઓ) પર રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપવાની સુવિધા રહેશે. એજીએમમાં બેલટ પેપર દ્વારા વોટિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે સભ્યોએ એજીએમમાં હાજરી આપી છે અને રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી તેઓ એજીએમમાં મત આપવા માટે પાત્ર રહેશે.

જે સભ્યોએ તેમના ઈમેઈલ એડ્રેસ રજિસ્ટર્ડ/અપડેટ નથી કરાવ્યા તેઓ નીચે દર્શાવેલા સ્ટેપ્સ ફોલો કરીને તે નોંધાવી/અપડેટ કરી શકે છે-

૧. ફિઝિકલ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના ઈમેઈલ એડ્રેસ અને મોબાઈલ નંબર કંપનીના RTA, MUFG ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ પાસે રજિસ્ટર કરવા માટે કાં તો સંબંધિત ઈન્વેસ્ટર સર્વિસ રિક્વેસ્ટ ફોર્મ્સ (ISR -1 અને ISR -2) ડેમટીરિયલાઈઝ કરે અથવા સબમિટ કરે. આ ફોર્મ્સ કંપનીની વેબસાઇટ www.gujaratsuperspecialityhospital.com અને RTAની વેબસાઇટ http://web.in.mpms.mufg.com/KYC-downloads.html પર ઉપલબ્ધ છે.

૨. ડિમેટીરિયલાઈઝ્ડ મોડમાં શેર ધરાવતા સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ કંપની તરફથી ઈલેક્ટ્રોનિક રીતે તમામ સભ્ય સંબંધિત કોમ્યુનિકેશન્સ મેળવવાની પદ્ધતિને અનુસરીને સંબંધિત DPs પાસે પોતાના ડેમેટ હોલ્ડિંગ્સના સંદર્ભમાં ઈમેઈલ એડ્રેસ રજિસ્ટર/અપડેટ કરાવે.

સભ્યોને નોટિસ, ખાસ કરીને એજીએમમાં હાજરી આપવા અને એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અથવા બેલટ પેપર દ્વારા મત આપવા સંબંધિત સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચવા વિનંતી કરવામાં આવે છે. આ જાહેરાત કંપનીના તમામ સભ્યોની માહિતી અને લાભ માટે તેમજ લાગુ પડતા સર્ક્યુલરોના પાલન માટે બહાર પાડવામાં આવી રહી છે.

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ વતી
સહી/-
વિશાખા ફડકે
કંપની સેક્રેટરી એન્ડ કમ્પ્લાયન્સ ઓફિસર
મેમ્બરશિપ નં. A37675

તારીખ: 31.08.2026
સ્થળ: વડોદરા